# 45

મહેસાણા જિલ્લાના વીજ થાંભલા પરના એલ્યુમિનિયમના તાર

*** 15/4/44 :** ગેનીબેન નગાજી ઠાકોર (વાવ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં તાલુકાવાર વીજ થાંભલા ઉપર લગાવેલા એલ્યુમિનિયમના કેટલા તારની ચોરી થયાનું સામે આવ્યું, | (૧) | છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં કડી તાલુકામાં ૨૭.૬૪ કી.મી., ખેરાલુ તાલુકામાં ૩.૫૫ કી.મી., સતલાસણા તાલુકામાં ૩.૨૫ કી.મી., વડનગર તાલુકામાં ૦.૯૭ કી.મી., વિસનગર તાલુકામાં ૪.૦૯ કી.મી., ઊંઝા તાલુકામાં ૦.૭૫ કી.મી. આમ કુલ મહેસાણા જિલ્લામાં વીજ થાંભલા પર લગાવેલ એલ્યુમિનિયમના ૪૦.૨૬ કી.મી. તારની ચોરી થયાનું સામે આવેલ છે. |
| (૨) | ઉક્ત તારની કિંમત કેટલી થતી હતી,અને | (૨) | ઉક્ત તારની કિંમત રૂપિયા ૧૫,૭૭,૭૪૧.૪૪ હતી. |
| (૩) | ઉક્ત તારની ચોરી થયાનું સામે આવતા શી કાર્યવાહી કરવામાં આવી અને કેટલી રકમના તારનો કેટલો જથ્થો પરત મેળવવામાં આવ્યો ? | (૩) | ઉક્ત તારની ચોરી થયાનું સામે આવતા પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. પરંતુ વાયર પરત આવેલ નથી. |